

## (B - 44)
## ભરતે માનસ્તંભજી પધારીયા

ભરતે માનસ્તંભજી પધારીયા જી રે
આવો સહુ આરતિ ઉતારીએ,
મંગળ મહોત્સવ મારે આંગણે જી રે.....આવો૦ ૧

સૌરાષ્ટ્ર દેશના સુવર્ણ નગરમાં,
માનસ્તંભ બન્યા છે રળિયામણા જી રે....આવો૦ ૨

રત્નોના થાળ ભર્યા, લાખ લાખ દીવડે,
આરતી ઉતારૂ મારા નાથની જી કે....આવો૦ ૩

નાથ તારા ચરણોમાં ગણધરો નમી રહ્યા,
મુકુટ ઝુકાવે ઈન્દ્રો ચરણમાં જી રે....આવો૦ ૪

સાક્ષાત્ વિદેહી માનસ્તંભ અહો આંગણે,
મોતીડે વધાવું મારા નાથને જી રે....આવો૦ ૫

વીણા મૃદંગ કરતાલ સૂર ઝાંઝના,
ઝણકાર ગગનમાંહી ગૂંજતા જી રે....આવો૦ ૬

ઈન્દ્ર ધરણેન્દ્ર નૃત્ય ગાન કરે ભાવથી,
ઘનનન ઘુઘર માળ ઠમકતી જી રે....આવો૦ ૭

ભરતે અજોડ સંત એક ગુરુ કહાન છે,
સત્ય શાસનને થંભવિયા જી રે....આવો૦ ૮